૨૦૧ C

મૂર્તિ બાલસાહિત્યમાળા • સંપાદકો, ગિજુભાઈ ને તારાબેન

# મોતિયો




1600124

પુસ્તક નં. ૪૪ ચુમાલીસમું

ફેબ્રુઆરી • ૧૯૪૯] ☆ [કિંમત • [redacted]

પાંચ આના

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૪૪ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# મોતિયો

: લેખક :
ગિજુભાઈ

卐

: મુખ્ય વિક્રેતા :
આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૪૯

ઃ પ્રકાશકઃ
અમરતલાલ ર. શેઠ
શ્રી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ - (કાઠિયાવાડ)

ઃ મુદ્રકઃ
રેવાશંકર હરિશંકર જાની
શ્રી આમલક્ષ્મી પ્રિ. પ્રેસ
સોનગઢ - (કાઠિયાવાડ)

## અનુક્રમ

મોતિયો . . . . . ૪
ડિક . . . . . . . ૭
ટીકુનું ગલુ . . . . . ૧૨
મારી બિલાડી . . . ૧૬
પાંચાની બકરી . . . ૨૨

કુલ નકલ ૯૧૩૦

પહેલી આવૃત્તિ
ત્રણ મુદ્રણો
કુલ ૪૬૩૦

બીજી આવૃત્તિ
બે મુદ્રણો
૩૩૫૦ નકલો

તૃતીય મુદ્રણ
૧૧૫૦ નકલો
૨ : ૨ : '૪૫

# મોતિયો

# મોતિયો

મોતિયો કાંઈ જેવો તેવો ન હતો. બહાદુરનો બેટો.

અમસ્તો ઘસઘસાટ ઊંઘ્યા કરે, પણ જરાક સંચળ થયો કે કાન માંડ્યા જ છે. પછી તો એ ચાલ્યું, ભસ્ ભસ્ ભસ્. ચોરના શા ભાર કે પાસે ઢૂંકે! વખતે ચોર પાસે આવ્યો હોય તો મોતિયો કાંઈ મૂકે? ઝપ લઈને પિંડીએ બાઝે, તે માંસનો લોચો લઈને જ છૂટો પડે!

મોતિયો ચોરનો દુશ્મન ખરો; પણ નાનાં બાળકોનો તો પાકો દોસ્ત.

બાળકો એની ઉપર ઘોડો પલાણે; કાન પકડીને એને ઊંચો કરે; પૂંછડી ઝાલીને ખેંચે. તો ય મોતિયો બોલે નહિ. ખોટાં ખોટાં બટકાં ભરે ને ગેલ કરે. વખતે વળી કોઈનું મોઢું યે ચાટી જાય.

---

સંચળ=હાલચાલ ઢૂંકવું=આવવું ગેલ=લાડભરી રમત

મોતિયાને તો ઘણું ઘણું આવડે. દડો લાવતાં આવડે, મોંમાં ફાનસ લેતાં આવડે ને બે પગે ઝાડ થતાં ય આવડે. એને ઝાડ કરવો હોય તો હાથમાં રોટલીનો કટકો રાખીને ઊભા રહેવું. પછી જોઈ લ્યો ભાઈની મજા! ભાઈ કૂદકેકૂદકા મારે.

મોતિયો તો જ્યાં જઈએ ત્યાં સાથે ને સાથે. શેઠની સાથે ચાલે છે તે જાણે પોતે મોટો શેઠ થઈ ગયો હોય એમ આમ આમ રોફબંધ ચાલ્યો આવે.

બીજાં કૂતરાં ભલે ને ભસ્યા જ કરે? મોતિયો તો જાણે હાથી.

જરાક ટાઢ તો વાય પણ મોતિયાને શિયાળો ગમે. ઉનાળો આવે કે ભાઈના બાર વાગે. ભાઈબંધ ભીની જગ્યા શોધે. કાં તો કોઠી પાછળ બેસે, કાં તો પાણિયારા પાસે જાય, ને કાં તો કૂંડીમાં જ બેસે. પછી ભાઈશા'બ હેં હેં હેં હાંફે; મોટી બધી જીભ લબડ્યા કરે. ભાઈને કાંઈ ગમે નહિ એટલે બગાં ઉપર

ખિજાય ને એને બચકાં ભરે. તડકામાં તો તોબા તોબા થાય. સાંજ પડે ત્યારે ભાઈમાં જીવ આવે.

મોતિયો તરિયો જબરો. નદી જુએ કે ઝાલ્યો ન રહે. આ પાણીમાં પડ્યા જ છે! માળો ચાર પગ કાંઈ એવા તો હલાવે કે જાણે દરજીનો સંચો ચાલ્યો! અમે તો એને ઘણું બોલાવીએ: "મોતિયા, મોતિયા! તૂ, તૂ, તૂ!" પણ પાણીમાંથી નીકળે તો કે? કોણ જાણે મોતિયાને એટલું બધું તરવું કેમ ગમતું હશે! પાછો થાકે ય નહિ.

મોતિયો ખરો છે.

"ભાઈબંધ, કાળિયા કૂતરા તૂ, તૂ, તૂ!
જઈ બાઝ મો'તાને પગ.
અમને મારીને શીખવે છે—
ક, ખ, ગ, ઘ, ઙ.
ભાઈબંધ, કાળિયા કૂતરા તૂ, તૂ, તૂ!"

# ડિક

મારું ડિક સુંદર હતું. આંખેનાકે નમણું હતું. ડિક રંગે ધઉંલું હતું. ખૂબખૂબા ધફ્ડું હતું. ડિક દોડવામાં બહુ હોશિયાર. જરાક છૂટું મૂક્યું કે ચારે પગે જાય ભાગ્યું. જઈને 'બા'ને બચબચ ધાવવા માંડે. પછી ત્યાંથી શાનું છૂટે? એ તો ખેંચીને તેડી લઈએ ત્યારે.

ડિક ખુશી થાય તો લાંબી એવી જીભ કાઢે ને આપણું મોઢું ચાટે.

બચબચ કરીને બોલાવીએ ત્યાં તો પૂંછડી એવી તો હલાવે કે જાણે તૂટીને હેઠી પડશે!

થોડીક વાર બહાર જઈને આવીએ ત્યાં તો ડિક દોડતું સામે આવે. કેડ તો એવી હલાવે કે બસ! પાસે આવીએ એટલે ઠેકડો મારીને છાતીએ પગ મૂકે.

"ખસ, ખસ!" કહ્યા જ કરો ને! પણ એ ખસે ત્યારે ના?

ગામ જઈને પાછાં આવીએ ત્યારે તો ડિક ગાંડુ ગાંડુ થઈ જાય.

એકલું એકલું રહીને મૂંઝાઈ ગયું હોય. આપણને આવ્યા દેખીને પડખામાં બેસે ને ઉં....ઉં.... કરીને એવું તો રડે કે આપણને થાય કે હવે ગામ જતા વખતે એને સાથે જ લઈ જવું.

કોઈ વાર ડિક આમઆમ ડોક હલાવીને જાણે કે વાતો કરે.

આંખમાં તો હેત સમાય નહિ. આંખો ફાડેલી ને ફાડેલી રાખે, ને આપણી આંખ સામે જોયા જ કરે.

ડિક કોઈ વાર ખિજાઈ જાય. એક વાર ખિજાઈને પેટી નીચે પેસી ગયું. અમે તો લાકડી લઈને ઘોંકા મારવા માંડ્યાં; એ પણ ખિજાયું. એકબે જણને બાખોડિયા ભરી ગયું.

પછી તો બહાર નીકળીને ખૂબ શરમાઈ ગયું. ગોદમાં ભરાઈને ઉં....ઉં.... કરવા માંડ્યું; જાણે માફી માગતું ન હોય!

અમે જાણીએ કે ડિક બીકણ છે; અમારી પાછળ પાછળ જ ચાલ્યા કરે. પણ જ્યાં કોઈ એની નાતનું સામે મળે ત્યાં તો ભાઈ એવો કૂદકો મારે, ને નાતીલાને એવી તો બચીઓ લેવા માંડે, કે બિચારું નાતીલું તો ક્યાંનું ક્યાં નાસી જાય!

અમને થાય કે ડિકને આપણે ઘી ને ગોળ ને એવું ખવરાવીએ; પણ ભાઈને તો ટાઢા રોટલા ભાવે, ખીચડી ભાવે, ચૂલી ભાવે.

અમે એને મજેની થાળીમાં પીરસીએ પણ ભાઈ તો બે પગ વચ્ચે રોટલી લઈને ધૂળમાં મૂકીને ખાય.

ને ચાવે કોણ? આ હફ હફ બધું ગળે ઉતારી જાય. પાણી પીએ તો ભાઈબંધ ઠીબ-માંથી પીએ: ચપ, ચપ, ચપ.

જમીકારવીને કોગળા યે કોણ કરે? ને

ટુવાલથી હાથે કોણ લૂછે? એ તો આ મોટી જીભ કાઢીને ચાટવા માંડ્યા કે બધું સાફ!

રોટલીનો કટકો ધરી રાખીએ પછી જોઈ લ્યો ભાઈની મજા! ઠેકડેઠેકડા મારે. પણ એમ રોટલી હાથમાં આવે ત્યારે ના?

પછી તો આમ ઊંચું મોઢું રાખીને રોટલીને જોયા કરે.

પણ અમને ડિક બહુ વહાલું. અમે એને કાંઈ ટગાવ્યા જ થોડું કરીએ? પછી તો રોટલી આપી દઈએ.

ક્યાંઈ 'મ્યાંઉ' સંભળાય તો ભાઈના કાન ઊંચા થાય.

એ તો દોટ કાઢીને પહોંચે. જાણે હમણાં જ પકડીને વીંખી નાખું. ચકલાં ને કાબર ઉડાડવાની યે ભાઈ ગમ્મત લે.

બગાં કે માખીને પકડવાનાં ભાઈ ફાંફાં મારે ત્યારે જોવા જેવું થાય.

આપણને ખબર ન પડે કે ભાઈશા'બ ઊંઘે છે કે જાગે છે. પણ 'ચૂં' કરો ત્યાં તો પૂંછડી

હલી જ છે; 'સિત્' બોલો ત્યાં તો ભાઈ ઊભા થયા જ છે; ને 'હુડદો' કહીએ કે ભાઈએ દોટ કાઢી જ છે!

અમારી અને ડિકની બોલી તો અમે જ જાણીએ.

"તૂ, તૂ!" કરીએ એટલે ભાઈ દોડ્યા આવે; ને "હડ, હડ" કરીએ એટલે ભાઈ ચાલ્યા જાય.

બાકી 'ડિક' કાંઈ પોપટ નથી કે એને પઢાવી શકાય.

બહુ બહુ બોલે તો 'વોહ, વોહ, વોહ!' કરીને ગામ ગજવે.

સાહેબલોકો 'ટિપુ સુલતાન' ને એવું નામ રાખે ત્યારે અમે એને 'ડિક' એટલે 'ડિક્નિસન સાહેબ' એવું નામ આપ્યું છે. અમે ય સાહેબલોકો જેવા ગાંડા તો ખરા જ!

# ટીકુનું ગલુ

ગલુને દેખી ટીકુ રાજીરાજી થઈ જાય. બચુને કહે: "બચુ, ગલુ! બચુ, ગલુ!"

બચુ ગલુ લેવા ન જાય તો 'એં એં' કરે; બચુ ગલુ લેવા દોડે એટલે હસી પડે.

ગલુ મોઢા આગળ ને બચુ પાછળ.

ગલુ કાંઈ એકદમ પકડાય નહિ. પણ બચુ કાંઈ પકડ્યા વિના રહે? ટીકુ તો જોયા જ કરે કે ગલુ કેમ પકડાય છે. ગલુ દોડે ત્યારે પોતે ય જાણે દોડતી ન હોય! આંખો તો ગલુની વાંસે વાંસે જ જાય.

ગલુ=કુરકુરિયું

બચુ ગલુને લાવે ત્યાં તો ટીકુ ખુશખુશ! ઊંચીનીચી થાય ને હાથપગ હલાવવા માંડે. ગલુને ખોળામાં બેસારે, ગળે પકડે, કાન ઝાલે, પગ ઝાલે ને પૂંછડી પકડે. ગલુ પણ ગાંડુ. ઘડીક આમ જાય ને ઘડીક તેમ જાય. અધઘડી યે બેસે ત્યારે ના?

ગલુ જરાક ચાલે ત્યાં તો ટીકુની આંખમાંથી આંસુ પડે. ટીકુને તો એમ કે ગલુએ હલવું યે નહિ ને ચલવું યે નહિ. બસ એના જ ખોળામાં બેસી રહેવું! પણ ગલુ કાંઈ એનું નોકર છે?

ગલુ મોજમાં હોય તો પૂંછડી હલાવે; મોજમાં હોય તો ટીકુનું મોં ચાટવા જાય ને એની આંગળીઓ પણ ચાટે. ટીકુને બધું મીઠું મીઠું લાગે. ગલુને બચીઓ પણ લે ખરી! એના બાપા યે નાના હતા ત્યારે ગલૂડિયાંને બચી લેતા, પછી ટીકુ કેમ ન લે?

ગલુને દોરી બાંધી ટીકુ ફેરવે. પોતામાં શક્તિ નહિ ને ગલુને રાખવા જાય. ગલુ જોર

કરી તણાવે ને ભાગે એટલે બેનબા હેઠાં પડે કે ઢસરડાય. પછી રોવાનું જ તો !

ગલુ જ્યારે ભાગી જાય ત્યારે બીજાને મન ગમ્મત થાય પણ ટીકુનો તો જીવ જાય. એવી તો રોવા માંડે ! "ગલુ, ગલુ, ગલુ !" કરીને પોક મૂકી રિસાઈને ભોંયે આળોટે.

ગલુને ટીકુ ખવરાવે પિવરાવે ને પાસે રાખે. પણ ગલુને તો મોતી ગમે. મોતી ગલુની બા. ટીકુને એની બા ગમે તો ગલુને મોતી ન ગમે ? ગમે જ તો.

ટીકુ મોતીને બોલાવે: "બોતી, બોતી !"

મોતી યે ટીકુની ઓળખીતી છે. નામ સાંભળીને આવ્યા વગર ન રહે. પૂંછડી હલાવે, સામે જુએ, ઓળખાણ કાઢે ને વહાલ કરે.

મોતી જાય મોઢા આગળ ને પાછળ દોડે એનાં ગલુ : બે કાળાં ને એક રાતડું.

કોઈક વાર ટીકુ ત્રણે ગલુને રમાડે છે. રાત પડે ને ટીકુ રુવે; પણ એને જો મોતી ને એનાં ગલુની વાત કરીએ તો છાની રહી જાય.

ગલુ ટીકુને બહુ ગમે. પોતાની જેવડું નાનું ને પોતાના જેવું જ રમતિયાળ. એને વાંચતાં ન આવડે ને ટીકુને ય ન આવડે; એને ચીતર કાઢતાં ન આવડે ને ટીકુને ય ન આવડે.

બેઉને પોતાની બા બહુ ગમે.

# મારી બિલાડી

બિલાડી ક્યાં વિયાઈ હતી એની તો ખબર નથી, પણ એક દિવસ એનાં બચોળિયાં લઈને અમારે ત્યાં આવી.

બા કહે: "એ રોયાં હવે જ્યાં ત્યાં હંગી મારશે ને બધું ગંધાઈ ઊઠશે!"

બાપા ઊઠ્યા ને લાકડી લઈને બિલાડી ને એનાં બચ્ચાંને હાંકી કાઢ્યાં. હું તો રોવા જેવો થઈ ગયો.

બાપાને કહું તો વઢે. ને એમને કહેવા પણ કેમ જવાય?

બાપાથી અમે બધાં એવાં બીતાં કે વાત કરો મા.

કોઠારમાં જઈને હું બેઠો. મારી આંખમાંથી એકબે આંસુ પણ પડી ગયાં. ત્યાં તો 'મ્યાંઉં મ્યાંઉં' થયું.

મેં કહ્યું: "શું, બિલાડી પાછી આવી?"

કૂદકો મારીને ઊભો થયો; બહાર જઈને જોયું તો કાંઈ ન મળે.

બા કહે: "અલ્યા! શું દોડ્યો' તો?"

મેં કહ્યું: "કંઈ નહિ; એ તો અમસ્તો."

વળી પાછો કોઠારમાં જઈને બેઠો. ફરી વાર "મ્યાંઉં, મ્યાંઉં!"

આમતેમ ફરીને જોઉં ત્યાં તો કોઠી પાછળ એક બચોળિયું બેઠેલું.

એની મા એને લેવું ભૂલી ગઈ હશે.

મને થયું: "હાશ! ઠીક થયું. એક તો રહ્યું છે ને!"

બાને કહ્યું: "બા! આને હું પાળીશ. તું બાપાને કહેજે કે કાઢી ન મૂકે."

બા કહે: "રોયા! હંગી મારશે તે કોણ ઊસડશે? ઠીક છે, બે દિવસ રાખવું હોય તો રાખજે; પણ પછી કાઢી મૂકીશ, હો!"

બચોળિયું ઘરમાં રહ્યું.

બચોળિયાનું નામ મગન પાડ્યું. એ મીંદડો હતો.

મગન ભલો બહુ. ગમે તેમ ઉપાડો ને? ન બોલે કે ન ચાલે.

નાની નથુ તો એને પૂંછડાથી જ પાછા ખેંચે. મગન ભોંયમાં નહોર ભરાવીને ઊભો રહે, પણ કરડે નહિ.

કાકીના ઘરમાં એક બિલાડી છે. એને અડવા જઈએ તો ઘુર્ર્ર્ર્ કરતી સામી થાય ને બાખોડિયા ભરે.

કાકીની બિલાડી તો છાનીમાની ઘી ખાઇ જાય ને દૂધ પણ પી જાય.

મગન તો એવો કે ગમે તે પડ્યું હોય પણ એની સામે ય ન જુએ. એ તો આપીએ તો જ ખાય પીએ.

કાકીની બિલાડી જ્યાંત્યાં બગાડી મૂકે. મગનને તો મેં પહેલેથી જ શીખવ્યું છે કે એને માટે તો બહાર જ જવાય. મગનને બાંધ્યો હોય ને પેશાબ કરવા જવું હોય તો ઉં...ઉં... કરીને મને ખબર આપે.

રાતે અમે એને કોઠારમાં પૂરીએ છીએ. ઉંદરમામા આવ્યા કે એના બાર જ વાગે! મગનની ઝપેટમાંથી બચે ખરા કે?

મગન એવી આંખો મીચે ને સૂઈ જાય કે જાણે મરી ગયો છે! પણ ઉંદરમામાની તો એને વાસ આવે. ઉંદરમામા જાણે કે મગન-કાકા ઊંઘે છે, ચાલો જરા મસ્તી કરીએ. પણ ત્યાં તો મગન એવી છલંગ મારે તે દોડા-દોડ થઈ પડે!

પણ મગનભાઈની બધી બહાદુરી કૂતરા-ભાઈને દેખતાં ચાલી જાય.

ભાઈ કૂતરાભાઈને ડરાવવા તો જાય, પણ કૂતરાભાઈ કાંઈ એનાથી બીએ? એ તો દોટ કાઢીને મગનભાઈને ગળે જ પકડે.

બાકી બિલાડીઓ સાથે લડવું હોય તો મગનભાઈ શૂરાપૂરા! ધુર્ર્ર્ર્ ધુર્ર્ર્ર્ અવાજ કાઢે, પૂંછડી જાડી કરે ને પછી એવી ચીસ પાડીને ઊતરી પડે કે બસ!

બે બિલાડાં લડે ત્યારે જોવા જેવું થાય છે. કેમે ય કરીને છૂટાં પડે જ નહિ. લાકડી મારો તો યે શું? ઊલળી ઊલળીને બાઝે; એકબીજાંને એવાં તો બટકાં ભરે!

પણ તમે જો એના ઉપર જરાક પાણી છાંટો તો બંને જણાં ભાગે. પાણી દેખતાં બિલાડી ભાગી જ જાય!

એક વાર ભારે ગમ્મત થઈ. મગનને એનો ભાઈબંધ ચમન મળવા આવ્યો. ચમનને દૂધ બહુ ભાવે. અમારા ઘરમાં એક કળશો હતો. એમાં દૂધનું ટીપું પડ્યું હતું. ભાઈએ એમાં મોઢું નાખ્યું. મગન તો નાખે એવો છે જ નહિ. ચમને મોઢું તો નાખ્યું ને દૂધ પણ ચાટ્યું, પણ પછી માથું બહાર કાઢવા જાય ત્યાં કાન આડા આવે! ચમન તો કૂદકે-

કૂદકા ને ઠેકડેઠેકડા મારે; કશું દેખાય નહિ એટલે આમ જાય ને તેમ જાય. ત્યાં તો અમને ખબર પડી. ચારે કોર ધમચકરડી થઈ રહેલી! ચમને જ્યાં ત્યાં ચડીઊતરીને કેટલું યે તોડી-ફોડી નાખેલું. મગન મ્યાંઉં મ્યાંઉં કરે પણ એનાથી શું થાય?

મારા કાકા એકદમ દોડ્યા. ચમન ઉપર લૂગડું નાખીને એને પકડી લીધો. પછી એનું ગળું પકડી બીજે હાથે લોટો જોરથી ખેંચ્યો. ખૂબ જોર કર્યું ત્યારે મોઢું બહાર આવ્યું. પછી તો ચમન ભાગ્યો તે ભાગ્યો! ફરી કોઈ દિવસ મગનને મળવા જ ન આવ્યો!

# પાંચાની બકરી

ભલો બિચારો પાંચો, કોઈ કોઈ વાર દિલગીર થઈ જતો. મનમાં વિચારતો કે "શા માટે એ નાસી જતાં હશે? મારે ત્યાં શી ઊણપ હશે!"

છ બકરાં આ રીતે નાસી ગયેલાં. પણ હજી પાંચો નિરાશ થયો ન હતો. સાતમું બકરું ખરીદ્યું; આ વખતે તેણે નાનું એવું બકરું ખરીદ્યું. એમ ધારીને કે પહેલેથી એ હળી જાય ને એને નાસવાનું મન ન થાય.

બકરું પાંચાને ત્યાં રહ્યું અને મોટું થવા લાગ્યું. બકરું રૂપાળું હતું. એની નાની દાઢી અને કોમળ આંખો બધાંને ગમતાં. એના પગ કાળા હતા; ચાલ હળવી હતી; ખરીઓ ઉપર

પટ્ટા હતા અને આખે ડિલે લાંબા ને ધોળા વાળ હતા. બકરું બહુ ભલું, હેતાળ ને ગમતી હતું. જે દોહે તેને દોહવા દેતું; પાટુ મારી પ્યાલો ઢોળાવી નાખતું નહિ. બકરું ઘણું સુંદર હતું.

ઘર પછવાડે એક નાનીશી વાડી હતી; એને ફરતી વાડ હતી. ત્યાં પાંચો બકરાને લાંબે દોરડે બાંધતો. તે વારંવાર બકરાની ભાળ લેવા જતો. બકરું ઘણું સુખી હતું અને મજાથી ઘાસ ચરતું. પાંચો પણ રાજી રહેતો. તેને થયું: "આખરે આ બકરું હળ્યું ખરું! હાશ, હવે એ રહેશે; હવે એને ઘરનો કંટાળો નહિ આવે."

પણ પાંચાનું માનવું ખોટું પડ્યું.

એક દિવસ બકરું વાડીમાં ચરતું હતું. તેની આંખો દૂરના ભૂરા ડુંગરા ઉપર પડી. મનમાં વિચારો આવ્યા: "આહા! ત્યાં હોઈએ તો કેવી મજા! મને છૂટું રહેવું અને આમ-

ભાળ=સંભાળ; ખબર

તેમ કૂદવું બહુ ગમે છે. હા, ગધેડાંઓ અને ગાયો ભલે ડબામાં પૂરાઈ રહેતાં, પણ બકરાં તો છૂટાં જંગલમાં જ હોય."

વાડીનું મીઠું ઘાસ બકરીને મીઠું લાગ્યું નહિ; તે કંટાળવા લાગ્યું. ધીમે ધીમે તે પાતળું પડ્યું. આખો દિવસ તે લાંબી દોરી ખેંચ્યા કરતું અને ટેકરીઓ સામે જોઈને નિસાસા નાખતું. થાકીને દિલગીર થઈ બેંબેં કરીને બંધ પડી જતું.

પાંચાને લાગ્યું: "જરૂર, બકરીને કંઈક થયું છે."

શું થયું છે તે પાંચાને સમજાયું નહિ. પાંચો પણ મૂંઝાતો હતો. બકરીને દિલગીર થયેલી જોઈ તેનું મન દુભાતું. બકરું હવે ગેલ કરતું નહિ; હવે તેને જોઈને કૂદતું કૂદતું સામે આવતું નહિ.

એક દિવસ પાંચો દૂધ દોહતો હતો. બકરીએ આસ્તેથી કહ્યું: "પાંચા! મને હવે અહીં રહેવું નથી ગમતું. પેલી ટેકરીઓમાં

મને જવા દે ને?"

આ સાંભળી પાંચાની છાતી ભોંકાઈ ગઈ; તેના હાથમાંથી તાંબડી પડી ગઈ. તે બોલ્યો: "અરે પ્રભુ! આ બકરી પણ...."

બકરીની પાસે ઘાસ ઉપર તે બેસી ગયો, ને ગળગળો થઈ બોલ્યો: "અરે રૂખડી! તું પણ ચાલી જઈશ? મને છોડીને જઈશ?"

"હા પાંચા! જઈશ."

"અહીં લીલું ઘાસ નથી મળતું?"

"મળે છે. પણ...."

"ત્યારે આ દોરડું ટૂંકું પડે છે? તને લાંબે દોરડે બાંધું?"

"એનું મને કંઈ નથી. પણ...."

"ત્યારે તને શાની ખોટ છે?"

"મને કશાની ખોટ નથી. પણ મારે તો પેલી ટેકરીઓમાં જવું છે."

"પણ ટેકરીઓમાં તો વરુ રહે છે. વરુ તને મારી નાખશે. પછી તું શું કરીશ?"

"હું એને મારાં શીંગડાંથી મારીશ."

"તારાં શીંગડાંનો વરુને શો હિસાબ છે? તારા પહેલાં છ બકરીઓ આમ જ નાસી ગઈ હતી. આખી રાત તેમણે વરુ સાથે લડયા કર્યું, ને આખરે વરુએ તેમને ફાડી ખાધી."

"કંઈ ફિકર નહિ. પણ મારે એક વાર ટેકરીઓમાં જવું તો છે જ."

પાંચાએ કહ્યું: "ના, એમ હું નહિ થવા દઉં; મારાથી એ નહિ બને. તને ગમે કે ન ગમે, હું તને બચાવીશ જ. આજથી હું તને તબેલામાં જ પૂરી રાખીશ. હવેથી દિવસરાત તું ત્યાં જ રહેજે."

એક અંધારિયા તબેલામાં પાંચાએ બકરીને બાંધી, બહારથી તાળું ઠોકયું ને નિરાંતે ગયો.

બકરી એકલી રહી, આમતેમ જોવા લાગી. "ક્યાંથી નાસી છૂટવાનું બારું? આ પેલી બારી! ઉઘાડી જ છે ને! ચાલ, ત્યાંથી જ કૂદું અને નાસી જાઉં."

થોડી વારમાં બકરી ટેકરીઓમાં જઈ પહોંચી. પોતે જાણે કે ખુશીખુશી થઈ ગઈ!

આજે આખું જંગલ બહુ સુંદર દેખાતું હતું. મોટાં મોટાં ઝાડો જાણે તેને કહેતાં હતાં: "આવો આવો, બકરીબેન! આવો આવો." છોડોની ડાળીઓ જાણે બકરીને કહેતી હતી: "અહીં બેસો, અહીં બેસો." ફૂલો બકરીને જોઈને હસતાં હતાં; અને લીલું મજાનું ઘાસ કેટલું બધું ખુશનુમા હતું! આખું જંગલ જાણે કે ખુશીખુશી હતું.

ટેકરીઓ ઉપર બકરી તો કૂદી જ રહી. ઘડીક આ ટેકરેથી પેલે ટેકરે ને પેલે ટેકરેથી આ ટેકરે. વરુ અને તેની બીકની વાત બકરી ભૂલી જ ગઈ હતી. આજે તે છુટ્ટી છુટ્ટી થઈ હતી; ખુલ્લા મેદાનમાં આવી હતી!

રમતાં રમતાં તેની નજર પાંચાના છાપરા તરફ ગઈ. તે બોલી: "કેટલું નાનું ઘર! હું ત્યાં કેવી રીતે રહી શકી હોઈશ? ત્યાં રહેવું કેમ ફાવે?"

બપોરે તેને એક હરણનું ટોળું મળ્યું. હરણ ધોળી બકરી જોઈને ખુશખુશ થઈ ગયાં.

તેમણે તેને કૂણી કૂણી ધરો આપી. ઘડીકમાં તો એક હરણનું બચ્ચું ને બકરી ભાઈબંધ થઈ ગયાં. વાતો કરતાં-કરતાં તેઓ લીલી હરિયાળી જમીન ઉપર ઊંચાં ઊંચાં ઝાડોની છાયામાં કેટલે ય સુધી ફર્યાં.

પણ ધીમે ધીમે ઠંડો કડક પવન વાવા લાગ્યો; ટેકરીઓ ઝાંખી પડવા લાગી; રાત્રિ નજીક આવવા લાગી.

નીચે ખેતર ઉપર ધુમ્મસ છવાઈ ગયું હતું. પાંચાનું છાપરું હવે છેક ઝાંખું ઝાંખું દેખાતું હતું.

ઘેર જતાં ઘેટાંઓને ગળે બાંધેલી ઘંટડીઓનો અવાજ બકરીએ સાંભળ્યો; બકરીને કંઈક થવા લાગ્યું. એકાએક ભયથી તે ધ્રૂજવા લાગી. દૂરની ટેકરી પરથી તેણે વરુની રાડ સાંભળી: "હુઉ.... હુઉ....!"

બકરીને થયું: "હં...., હવે વરુ આવશે. હવે? હવે શું થશે?"

એ જ વખતે પોતાના વહાલા પાંચાનો

સાદ નીચેથી તેણે સાંભળ્યો. બિચારો પાંચો પોતાની રૂખડીને આખો દિવસ ખોળીખોળીને નિરાશ થઈ પાછો ફરતો હતો.

"હુઉ....હુઉ....!" વરુનો અવાજ આવ્યો.

"રૂખડી! એ રૂખડી!" બીજી બાજુ પાંચાનો સાદ સંભળાયો.

રૂખડીને પાછા જવાનું મન થયું; પણ ત્યાં તો એને પેલી દોરી ને તબેલો ને બંધન યાદ આવ્યાં. મનમાં થયું: "એ તો મારાથી નહિ સહન થાય. ના, નહિ સહન થાય!"

રૂખડી દૂર જઈ પાછી આવી.

ફરી વાર પાંચાનો અવાજ ન આવ્યો.

અંધારું થયું. બકરીએ પાંદડાનો ખડખડાટ સાંભળ્યો. પાછું ફરીને જોયું તો અંધારામાં ઊંચા ટૂંકા બે કાન દેખાતા હતા; બે આંખો તગતગતી હતી.

એ વરુ હતું.

વરુ મોટું હતું. નિરાંતે બેઠું હતું. ખાતરી રાખીને બેઠું હતું કે આ બકરી ક્યાં જવાની

છે? તેને જરા ય ઉતાવળ નહોતી. શિકારની સામે તે ધારી ધારીને જોતું હતું. જ્યારે બકરી નાસી જવા કરતી હતી ત્યારે વરુ તેની સામે હસતું હતું.

વરુએ જીભ ચાટતાં ચાટતાં કહ્યું: "હં.... પાંચાની બકરી! આવી છે, કેમ?"

રૂખડી ભયભીત થઈ ગઈ. પરંતુ હવે નાસી છૂટાય તેમ નહોતું. હવે તો બહાદુરીથી બચાવ કરવો ને બહાદુરીથી મરવું એ જ રહ્યું હતું. છ બકરીઓએ એમ જ કર્યું હતું. તેઓ સવાર સુધી એમ જ લડી હતી, અને આખરે મરણશરણ થઈ હતી.

એટલામાં વરુ તેના ઉપર ધસી આવ્યું. રૂખડી શીંગડાંથી સામે થઈ. બહાદુર બકરી! શીંગડાં એવા જોરથી લગાવ્યાં કે વરુ પાછું હઠ્યું; લડાઈ ચાલી. વરુ ધસારો કરતું ને બકરી તેને પાછું હઠાવતી. નહોર ને જડબાં તાજાં કરી વરુ ફરી વાર ધસતું, અને હિંમત તથા આશાને હૈયે ધરી બકરી સામે થતી.

લડાઈ રાત આખી ચાલી. વારે વારે બકરી આકાશના તારા સામે જોતી હતી: "અરે! ક્યારે રાત્રિ પસાર થાય અને સવાર પડે?"

તારાઓ એક પછી એક અદૃશ્ય થતા હતા. અને વધારે ને વધારે હિંમતથી બકરી લડતી હતી. વરુ દાંત કચકચાવી રહ્યું હતું. આખરે ઝાંખો પ્રકાશ પૂર્વમાં દેખાયો; દૂર પાંચાની વાડીનો કૂકડો પણ બોલ્યો.

આશાથી બકરી બોલી: "આખરે...."

પણ હવે તે થાકી ગઈ હતી; તે ઊભી ન રહી શકી. ભસ દઈને નીચે પડી. ને સૂર્યનું પહેલું કિરણ ઊગે તે પહેલાં તો વરુ તેનો કોળિયો કરી ગયું!

અરે બિચારી રૂખડી!

કમનસીબ બિચારો પાંચો!

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

સંપાદકો ગિજુભાઈ અને તારાબેન


૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ હતું, હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ–૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો–૧
૯ હંસ અને હંસો
૧૦ તિરંદાજ
૧૧ ગામડામાં મળજે
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ કયાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાકયપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાનો પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડુ અને ઘોડુ
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઇ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ઘોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છેટાં રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવત સંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણ પોથી
૭૧ વરત સંગ્રહ
૭૨ રમત જોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# દરેક ઘરમાં હોવાં જ જોઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં પ્રકાશનો

### બાળકો તેમ જ કિશોરો માટેનાં

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા • ૮૦ પુસ્તકો | | આખા સેટના | ૨૦-૦-૦ |
| ૨ | બાલસાહિત્યગુચ્છ • ૨૫ પુસ્તકો | | ,, | ૭-૮-૦ |
| ૩ | બાલસાહિત્ય વાટિકા • ૩૫ પુસ્તકો | | • દરેક પુસ્તકના | ૧-૦-૦ |
| ૪ | બાળવાર્તાઓ ભા. ૧-૫ | • શ્રી ગિજુભાઈ | ,, | ૧-૦-૦ |
| ૫ | કિશોરકથાઓ ભા. ૧-૨ | ,, | ,, | ૧-૦-૦ |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧-૨ | ,, | ,, | ૦-૧૨-૦ |
| ૭ | બાળ લોકગીત સંગ્રહ ભા. ૧-૨ | ,, | ,, | ૦-૬-૦ |
| ૮ | ધર્માત્માઓનાં ચરિતો | ,, | | ૧-૮-૦ |
| ૯ | ઇસપનાં પાત્રો : ગધેડાં | ,, | | ૦-૮-૦ |
| ૧૦ | મહાભારતનાં પાત્રો ૧-૧૩ | • શ્રી નાનાભાઈ | • સેટના | ૧૨-૮-૦ |
| ૧૧ | રામાયણનાં પાત્રો ૧-૬ | ,, | ,, | ૭-૮-૦ |
| ૧૨ | આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, | દરેકના | ૧-૮-૦ |
| ૧૩ | શ્રીમદ્ લોકભાગવત | ,, | | ૫-૮-૦ |
| ૧૪ | ભાગવત કથાઓ | ,, | | ૧-૮-૦ |
| ૧૫ | બાલરામાયણ | શ્રી મોંઘીબેન | | ૧-૮-૦ |
| ૧૬ | ભગવાન બુદ્ધ | શ્રી ગિજુભાઈ | | ૦-૬-૦ |
| ૧૭ | સો કે નાં પરાક્રમો | શ્રી રમેશ ગૌતમ | | ૦-૫-૦ |
| ૧૮ | ટારઝન ભાગ ૧-૧૦ | શ્રી શંકર શાહ | • દરેકના | ૦-૧૨-૦ |
| ૧૯ | રંગરેખા (ચિત્રસંગ્રહ-બે સંપુટ) | સોમાલાલ શાહ | ,, | ૩-૦-૦ |
| ૨૦ | બાપુજીની અને બીજી વાતો | કપિલાબેન ઠાકોર | | ૦-૧૨-૦ |
| ૨૧ | પીળાં પલાશ (બાળનાટકો) | શ્રીધરાણી | | ૦-૮-૦ |

:મળવાનું મુખ્ય સ્થળ:

## આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ